# મોડાસામાં પથ્થરમારાનો કોંગ્રેસે આક્રમક વિરોધ કરી ચક્કાજામ કર્યો





મોડાસા, તા.૫ શુક્રવારે બનાસકાંઠાના પૂર અસરગ્રસ્તો ની મુલાકાતે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની કાર પર પથ્થરો ફેંકાતા રાહુલ ગાંધી ની કારનો કાચ તૂટી ગયો હતો અને સહેજમાટે બચી ગયા હતા. કોંગ્રેસ દ્વારા ધાનેરામાં કરાયેલ હુમલામાં ભાજપ ના ગુંડાઓનો હાથ હોવાનો સીધો આરોપ લગાવી લોકશાહી પર હુમલો ગણાવ્યો હતો.અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શનિવારે રાહુલ ગાંધી ની કાર પર પથ્થરમારાના હુમલાનો નો જોરદાર વિરોધ નોંધાવી મોડાસા ચાર રસ્તા પર ચક્કાજામ અને સુત્રોચ્ચાર પોકાર્યા હતા. મોડાસા ટાઉન પોલીસે ૫૦ કોંગ્રસી કાર્યકરો ની અટકાયત કરી હતી. અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શનિવારે બપોરે જિલ્લા ના મુખ્યમથક મોડાસા ચાર રસ્તા પર કોંગ્રેસ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ની કાર પર પથ્થરમારો થતા લોકશાહી પર હુમલો ગણાવી આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં

**૫૦ કાર્યકરોની પોલીસે અટકાયત કરી**

આવ્યું હતું. શુક્રવારે બનેલી આ ઘટના થી અરવલ્લી જિલ્લાના કોંગ્રેસ ના અગ્રણીયો અને કાર્યકરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને મોટી સંખ્યામાં ચાર રસ્તા ખાતે ઉમટી પડી ભાજપા વિરુદ્ધ સૂત્રોચ્ચાર પોકારી રોડ પર ચક્કાજામ કરી દેતા ટ્રાફિક જામ થયો હતો કોંગ્રેસ ના ચક્કાજામ ના પગલે મોડાસા ટાઉન પોલીસ દોડી આવી વિરોધ પ્રદર્શન કરનાર ગુજરાત કોંગ્રેસ સમિતિ ના મંત્રી અરુણ પટેલ ,જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર,હિમ્મતસિંહ પરમાર,નિકુંજ રાઠોડ,માન્વેન્દ્રસિંહ બાપુ, જિલ્લા પંચાયત સદશ્યો,તાલુકા પંચાયત પ્રમુખ-સદશ્યો,હુસેન ખાલક,આનંદ પરમાર, કોર્પોરેટોરો અને કાર્યકરો સહીત ૫૦ જેટલા લોકો ની અટકાયત કરી ટાઉન પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. તમામ લોકો ને થોડા સમય બાદ છોડી મુકાયા હતા.કોંગ્રેસ ના આક્રમક વિરોધ પ્રદર્શન થી અજાણ મોડાસા શહેરીજનો અને મુલાકાતીઓ જોવા ટોળેટોળા ઉમટ્યા હતા.

## પાલનપુર ખાતે વી.એચ.પી.ના પૂર રાહત કેમ્પની મુલાકાતે પ્રવિણ તોગડીયા

**૩ ટ્રક રાહત સામગ્રીને રવાના : પશુ ખરીદી સહાયમાં વધારો કરવાની માંગ**



પાલનપુર, તા.૫ સરહદી બનાસકાંઠાના મુખ્યાલય પાલનપુર ખાતે વિશ્વ હિન્દૂ પરિષદના રાહત સામગ્રી કેમ્પમા આવેલા દૃર્ ના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણ તોગડીયાએ ૩ ટ્રક રાહત સામગ્રી રવાના કરાવી હતી. તેઓએ પૂરગ્રસ્ત બેહાલ બનાસકાંઠામાં રાજકીય પક્ષો દ્વારા થઈ થઈ રહેલી રાજનીતિ પર વેધક પ્રહાર કર્યા હતા.

વિશ્વ હિન્દૂ પરિષદના નેતા ડો. પ્રવીણ તોગડીયાએ બેહાલ બનાસકાંઠાનો ચિતાર વ્યક્ત કર્યો હતો. તેઓએ વી.એચ.પી. દ્વારા બનાસકાંઠાનાં ૧૧૦ અને પાટણ ના અસરગ્રસ્ત ગામમાં રાહત સામગ્રી પહોંચાડવામાં આવી હોવાનું જણાવ્યું હતું. તેઓએ વી.એચ.પી. દ્વારા ૧૦ હજાર અસરગ્રસ્તોને ઘરવખરી સહિતની કીટનું વિતરણ કરાયું હોવાનું પણ ઉમેર્યું હતું.

ડો. પ્રવીણ તોગડીયાએ પશુપાલકોની આજીવિકાના આધારસ્થંભ એવા મૃતક ગાય-ભેંસની સહાયમાં વધારો કરવાની માંગ કરી હતી. તેઓએ ખેતીની જમીન નું વ્યાપક ધોવાણ થયું હોઈ ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવાની પણ માંગ કરી હતી.

પાલનપુરથી બનાસકાંઠા ના પુર પીડિતો માટેની રાહત સામગ્રી રવાના કર્યા બાદ પ્રવીણ તોગડીયા કાંકરેજ અને થરાના અસરગ્રસ્તોની મુલાકાત માટે રવાના થયા હતા. બનાસકાંઠા મા પુર પીડિતો ની મુલાકાતે આવેલા કોંગ્રેસ અને ભાજપના નેતાઓ એકબીજા પર ટિપ્પણી કરવાનું ચુક્યા નથી. ત્યારે આ રાજનીતિ કરવાનો સમય ન હોવાની માર્મિક ટકોર પણ ડૉ. પ્રવીણભાઈ તોગડીયાએ કરી હતી. આ પ્રસંગે વી.એચ.પી.ના પ્રદેશ અગ્રણી રણછોડભાઈ ભરવાડ તથા જિલ્લા અગ્રણી દિનેશભાઈ અવાના, કેતનભાઈ ગુપ્તા, રજનીશ બાપના સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## પ્રાંતિજ પોલીસે પશુ ભરેલ પીકઅપ ડાલુ પકડયું

**ત્રણ ભેંસો, નવ પાંડા અને પીકઅપ ડાલુ સહિત ૨,૫૪,૦૦૦નો મુદ્દામાલ સહિત બે ની અટકાયત કરી : પશુઓને પ્રાંતિજ પાંજરાપોળમાં મોકલી આપ્યાં**

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના મજરા ચોક પાસેથી પ્રાંતિજ પોલિસે બેરહમી રીતે પીકઅપ ડાલામાં પશુ ભરી ને કતલખાનામાં લઈ જવાતું પીકઅપ ડાલુ પોલિસે પકડયું .

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના મજરા ચોકડી નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજ પોલિસ દ્વારા પેટ્રોલિંગ રાઉન્ડ માં હતી તે સમયે અમદાવાદ તરફ જતું પીકઅપ ડાલુ જ્ત્ત૧ફ ૫૩૫૩ માં બેરહમીથી ખીચોખીચ વગર ધાસ કે કોઈ અન્ય સગવડ કે પાસ પરમીટ વગર ત્રણ ભેંસો તથા નવ પાંડા ભરીને અમદાવાદ કતલખાને જઈ રહેલ ડાલા ચાલક ને પુછપરછ કરતાં તે ભાંગી પડ્યો હતો ત્યારે પ્રાંતિજ પોલિસ દ્વારા કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી જેમાં ત્રણ ભેંસો ની કિંમત- ૫૪૦૦૦ નવ પાંડા ની કિંમત- ૯૦૦૦ પીકઅપ ડાલા ની કિંમત- ૨૦૦૦૦૦ મળી કુલ મુદ્દામાલ ૨,૫૪૦૦૦ ના મુદ્દામાલ સાથે બે આરોપીઓની અટકાયત કરી હતી જેમાં ઈરફાન ગુલામ એહમદ પઠાણ તથા સેફ મોહમદ બન્ને રહે. બહેરામપુરા , અમદાવાદ ની પ્રાંતિજ પોલિસ દ્વારા અટકાયત કરી બન્ને વિરૂધ્ધ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી છે. જયારે પશુઓને પ્રાંતિજ પાંજળા પોળ માં મોકલી આપવામાં આવ્યાં હતાં .

## મોયદ ખાતે તાલુકા કક્ષાના કલા મહાકુંભ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

**પ્રાંતિજ સહિત તાલુકામાંથી ૬૦ શાળાઓએ ભાગ લીધો**



પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના મોયદ ખાતે રમત- ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને જિલ્લા રમતગમત કચેરી સાબરકાંઠા-હિંમતનગર ના સહયોગથી તાલુકા કક્ષા નો કલા કુંભ ૨૦૧૭ મોયદ પ્રાથમિક શાળા ખોતે યોજાઈ રહ્યો છે.

મોયદ ખાતે કલા મહાકુંભ-૨૦૧૭ માં પ્રાંતિજ સહિત તાલુકાઓમાં આવેલ ૬૦ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો અને શાળાનાં વિદ્યાર્થીઓએ વિવિધ કલા સાંસ્કૃતિક કાર્યક્રમ માં ભાગ લીધો હતો જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગાયન, વાદન, સમુહ નૃત્ય, એકપાત્રિય અભિનયની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો જયારે નિર્ણાયકો તરીકે પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ કલાકારોએ નિર્ણાયક તરીકે ની દોર સોપવામાં આવીહતી જયારે આ કાર્યક્રમમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાધેલા, બીઆરસી કો.ઓડિનેટર જે. એ. પટેલ, ત્રિગુણાબેન પંડયા, જગદીશભાઈ પંચાલ, જયોત્સનાબેન, વિજયભાઈ ભાવસાર વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શૈલેષભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું જયારે મોયદ પ્રાથમિક શાળાનાં આચાર્ય તથા શાળા સ્ટાફ દ્વારા ત્રિદિવસ્ય ચાલનાર કાર્યક્રમ ને બીજા દિવસે પણ સફળ બનાવવા ભારે જહેમત ઊઠાવી હતી.

## પાલનપુર મામલતદાર કચેરી સામે ૧૦૦૦ જેટલા પીડિતોનો હોબાળો

**અસરગ્રસ્તોના આક્રમક રૂખને જોતા પોલીસે મામલતદાર કચેરીનો દરવાજો બંધ કરવાની ફરજ પડી હતી**



પાલનપુર, તા. ૫ પૂરગ્રસ્ત બનાસકાંઠામાં સર્વે અને કેશડોલ સહિતની સહાય ચૂકવણીમાં ગેરરીતિઓ આચરાતી હોવાની વ્યાપક બુમરાણ મચી છે. ત્યારે રોજ-બરોજ અસરગ્રસ્તો મામલતદાર કચેરીએ જઈ હોબાળો મચાવી બળાપો ઠાલવી રહ્યા છે.

પાલનપુર મામલતદાર કચેરીએ આજે પણ સહાયથી વંચિત જનતાનગર સહિતના ૧૦૦૦ જેટલા અસરગ્રસ્તોએ ધામા નાખી હોબાળો મચાવ્યો હતો. જોકે, અસરગ્રસ્તોના આક્રમક રૂખને જોતા પોલીસે મામલતદાર કચેરીનો દરવાજો બંધ કરવાની ફરજ પડી હતી.

સહાય ના મળવાને મુદ્દે આ લોકો રજુઆત કરવા આવ્યા હતા. સહાય ન મળવાને મામલે પીડિતો રોજ બરોજ મામલતદાર કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે. કેશ ડોલ અને સર્વેમાં અધિકારીઓ વહાલા-દવલાની નીતિ અપનાવવામાં આવી રહી છે.

## બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ



ભિલોડા, તા.૫

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી યોજાઈ હતી. કવિવર ઉમાશંકર જોષીની જન્મભુમી બામણા ગામની એસ.એચ. જોષી અને બી. કે. જોષી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કલ્પનાબેન પટેલ, સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહી કોલેજની વિદ્યાર્થીનીઓ ધ્વારા કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવી રાખડી બાંધી ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના પ્રો. ડૉ. ભીખાભાઈ પટેલએ ભારતીય હિન્દુ સંસ્કૃતિ મુજબ રક્ષાબંધન વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રકાશચંદ્ર જોષીએ કર્યું હતું. આભારવિધિ એન.આર. જોષીએ કરી હતી.

## મહેસાણા જિલ્લામાં ખાનગી ટ્યુશન પ્રથાની બોલબાલા

**સરકારના આદેશની ઐસી કી તૈસી કરીને ખાનગીમાં ટ્યુશન ક્લાસો ચલાવી તગડી કમાણી કરી રહ્યા છે**

મહેસાણા, તા. ૫

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી ટ્યુશન પ્રથા પર પ્રતિબંધ મુકવા છતાં મહેસાણા જિલ્લામાં કેટલાય શિક્ષકો સરકારના આદેશની ઐસી કી તૈસી કરીને ખાનગીમાં ટ્યુશન ક્લાસો ચલાવી તગડી કમાણી કરી રહ્યા છે. જેના કારણે શિક્ષણ કાર્ય પર માઠી અસર પડી છે. નવું શૈક્ષણિક વર્ષ શરૂ થતાં જ ટ્યુશનો ચાલુ થઈ જાય છે. જે વાર્ષિક પરીક્ષા સુધી ચાલુ રહે છે.

છેલ્લા કેટલાય સમયથી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં શાળાઓના શિક્ષકોને ખાનગી ટ્યુશનો કરવા પર પ્રતિબંધ લાદ્યો છે. તેમ છતાં મહેસાણા જિલ્લાના મુખ્ય મથક મહેસાણા, ઊંઝા, વિસનગર, કડી, વિજાપુર તાલુકામાં સરકારના નિયમોની ઐસી કી તૈસી કરીને કેટલાયે શિક્ષકો ટ્યુશનની હાટડીઓ ચલાવી રહ્યા છે. સરકારી ગ્રાન્ટ મેળવતી શાળાઓમાં ઊંચા પગાર મેળવનાર શિક્ષકો પૈકી ખાસ કરીને ધો. ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ કોમર્સના વિષયો સાથે સંકળાયેલ શિક્ષકો વિદ્યાર્થીઓના ટ્યુશનો કરી તગડી કમાણી કરી રહ્યા છે. કહે છે કે વિજ્ઞાન પ્રવાહમાં ટ્યુશન કરનાર શિક્ષકો વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પાસેથી વિષય દીઠ વાર્ષિક ૧૫૦૦૦ થી ૩૦૦૦૦ રૂપિયા સુધીની ઊંચી ટ્યુશન ફી લેતા હોવાની લોક ફરીયાદો ઉઠી છે.

જિલ્લામાં ટ્યુશનીયા શિક્ષકોની બોલબાલા વધી ગઈ છે. આ પ્રથામાં આર્થિક રીતે સક્ષમ તેમજ અન્ય વિદ્યાર્થીઓના વાલીઓના ખીસ્સા હળવા થાય છે. જો કે શ્રીમત વર્ગના લોકો નાણાંના જોરે પોતાના સંતાનોને ટ્યુશનના સથવારે શિક્ષણ અપાવી પરીક્ષામાં સફળતા અપાવે છે. પરંતુ આ સામે ગરીબ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ જેઓ ટ્યુશન રાખી શકે તેમ નથી તેઓનો અભ્યાસ અને વિકાસ રૂંધાય છે તેવું કહેવાય છે.

જિલ્લામાં કેટલાક ટ્યુશનીયા શિક્ષકોએ પોતે જે વિષય શિખવતા હોય તે વિષયોની એસાઈમેન્ટો ઝેરોક્ષ સેન્ટરોવાળા પાસે તૈયાર કરાવીને તેમના થકી જ બારોબાર વિદ્યાર્થીઓને વેચાણ કરાવીને આમાંથી પણ વધારાની આવક ઉભી કરવાનો નવો કિમીયો શોધી કાઢ્યો છે. ટ્યુશનોની હાટડીઓને લીધે શાળાઓ ગૌણ બનીને ટ્યુશન ક્લાસો જ મુખ્ય બની ગયા છે. ટ્યુશનિયા શિક્ષકો વિશે જે તે શાળાઓના કેળવણી મંડળો, આચાર્યોને બધી જાણ છે તેમ છતાં કોણ જાણે કેમ શિક્ષણ વિભાગ તરફથી કોઈ કડક પગલાં ભરાતાં નથી. આ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને પણ ટ્યુશન ચલાવનારા શિક્ષકો વિશેની જાણકારી હોવા છતાં કોઈ અસરકારક પગલાં ભરાતાં નથી. જિલ્લામાં ખાનગી શાળાઓની સંખ્યા ખૂબ વધી ગઈ છે. ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહની આવી શાળાઓમાં તગડી ફી વસૂલ કરાય છે.

**ભિલોડા તાલુકાના સીમાબલ સુરક્ષા ૩૦ બટાલીયનમાં ફરજ બજાવતા**

## કોન્સ્ટેબલનું બિમારીના કારણે મોત નિપજતાં માદરે વતનમાં અગ્નીસંસ્કાર

ભિલોડા,તા.૫

ભિલોડા તાલુકાના પાટીયાકુવા ગામના રહેવાસી સશસ્ત્ર સીમાબલ સુરક્ષા ૩૦ બટાલીયનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ નગીનદાસ રાવજીભાઈ ભગોરા, આશરે ઉ.વર્ષ-૨૮નું અરૂણાચલ પ્રદેશમાં ફરજ દરમ્યાન બિમારીના કારણે મોત નિપજતાં માદરે વતનમાં સશસ્ત્ર સીમાબલના જવાનો અને ગ્રામજનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી, સલામી આપી અગ્નીસંસ્કાર કરાયા હતા.



ભિલોડા તાલુકાના પાટીયાકુવા ગામના નગીનદાસ રાવજીભાઈ ભગોરા,સશસ્ત્ર સીમાબલ ૩૦ બટાલીયન કોન્સ્ટેબલ તરીકે અરૂણાચલ પ્રદેશમાં વર્ષ ૨૦૧૪ માં નોકરી મેળવી હતી.સશસ્ત્ર સીમાબલમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ દરમ્યાન બિમારીના કારણે તા. ૩/૮/ ૨૦૧૭ ને ગુરૂવારના રોજ મોત નિપજતાં જામનગર સશસ્ત્ર સીમાબલ જવાનો કોન્સ્ટેબલનો મૃતદેહ માદરે વતન લાવ્યા હતા ત્યારે પાટીયાકુવા ગામમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.પાટીયાકુવા ગામના સશસ્ત્ર સીમાબલમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલનું બિમારીના કારણે મોત નિપજતાં માદરે વતનમાં અંતિમ યાત્રામાં રાજકીય આગેવાનો, ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

**સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની સહકારી સંસ્થાઓ મારફતે અનાજની કીટો બનાસકાંઠા પૂરગ્રસ્તોને મોકલાવી**

## હજુ એક-એક ટ્રક બે દિવસ અનાજકીટ મોકલવામાં આવશે : મહેશભાઈ પટેલ

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ તથા નાગરીક બેન્ક અને સહકારી જીનો જેવી સહકારી સંસ્થાઓના આર્થીક સહયોગથી સાબરકાંઠા જિલ્લા કન્ઝુમર્સ ફેડરેશન મારફતે આજરોજ હિંમતનગર શહેરના કોટન માર્કેટ યાર્ડમાંથી બનાસકાંઠા જિલ્લાના પૂરપીડીતો માટે એક હજાર ઉપરાંત વિવિધ અનાજ-મસાલાની કીટો સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ એ. પટેલ તથા સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલની ઉપસ્થિતિમાં મોકલવામાં આવી. આ પ્રસંગે સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ જણાવેલ કે આ કીટમાં પાંચ કીલો ચોખા, બે-બે કીલો દાળ, ખાંડ, મરચુ, હળદર, મીઠું, રાઈ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. હજુ બે દિવસ પણ તા. ૫ અને ૬ ઓગષ્ટે પણ એક-એક ટ્રક



મોકલવામાં આવશે. આ પ્રસંગે ખેડબ્રહ્મા માર્કેટયાર્ડના ચેરમેન જશુભાઈ પટેલ, પ્રાંતિજ માર્કેટયાર્ડના ચેરમેન ભોગીભાઈ પટેલ, ઈડર માર્કેટયાર્ડના ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પટેલ, રીટાયર્ડ જોઈન્ટ રજીસ્ટાર ધીરાણ ગાંધીનગરના જે.જે. શાહ, સાબરકાંઠા બેન્કના એડવાઈઝર હરીશભાઈ પટેલ, માર્કેટયાર્ડના મેનેજર માર્ગેશભાઈ શાહ, મનસુરીબેન, અન્ય આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા ખાતે એસ.આર.પી. જવાનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી

ભિલોડા,તા.૫

અરવલ્લી આદિજાતિ વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ભિલોડા જ્ઞાન તપોવન વિદ્યા મંદીર ધ્વારા એસ. આર.પી. કેમ્પ મુડેટી ખાતે એસ. આર.પી. જવાનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી યોજાઈ હતી.

એસ.આર.પી.જવાનો પરીવારથી દુર રહી રાત-દિવસ રાષ્ટ્રની સુરક્ષા માટે ખડેપગે તૈનાત રહે છે.જવાનો સાથે શાળાની બાળાઓએ એસ.આર.પી. જવાનોને કુંમ-કુંમ તિલક કરી મોં મીઠું કરાવી રક્ષા સુત્ર બાંધી આશીર્વાદ મેળવ્યા હતા.શાળાના નાના બાળકોમાં દેશ અને તેની સુરક્ષામાં ખડેપગે ઉભા રહેતા જવાનો પ્રત્યે આપણાપણાનો ભાવ થાય તે હેતુથી આ કાર્યક્રમ ઉજવણી યોજાઈ હતી.કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષક શૈલેષભાઈ ગરાસ,શાળા પરીવારએ ભારે જહેમત ઉઠાવી હતી.